પૂ. બાપુજીને ૭૯મી જન્મતારીખ નિમિત્તે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ અર્પણ

# પ્રેમજન્મ તારીખ દ્વાદશકમ્

તેર તૂટે, એક સાંધે એવો, માયાજન્મ સફળ કર્યો.
રમતો અંતઃગૃહો એને, સોળેકળાએ સજ્જ કર્યો ......૧
મીરા જયમ એકનિષ્ઠ થઈ, રંગ 'રંગ'ને ચરણે ધર્યો.

સન્સાર ત્યાગ્યો સંસારે રહી, કર્મ-ધર્મ ઉપદેશ કર્યો. ......૨
લપ્ટેલો રહ્યો 'રંગ'રાગે, માયા સંગ ખેલ કર્યો.
આલમ્બ સમર્થ સદ્‌ગુરોનો મળતાં, કેવો ખેલ પડ્યો ! ......૩
રથી પ્રેમ ને રંગ સારથી, શાંતિ-કૃપારૂપ રથ મળ્યો.

બેના જોડાણે આ દેહે, કેવો અમુલ અવસર મળ્યો ! ......૪
'હમ' થયાં 'મમ્' ત્યાગી, પકડી આંગળી ઉપર ચઢ્યો.
જાનીલોકો વિસ્મય પામ્યા, અભણ ક્યાંથી જ્ઞાની થયો ! ......૫
રસ્તો હતો નક્કી જ, તેથી મંઝિલે જ મુકામ થયો.
નગદ માંગ્યું ને નગદ પામ્યા, મુકામે ઉજાસ થયો. ......૬
વર પામ્યા ''ભલું કરે ભગવાન'' શ્રીરંગે કોલ પુરો કર્યો.

ઓજસ પાથરતા પાથરતા, દેહ શિષ્યએ ક્ષીણ કર્યો. ......૭
ગણનાપાત્ર થવું ન હતું, છતાં રજકણ આ પ્હાડ થયો.
વળગણ છોડ્યું જગરંગનું ને 'રંગ' વળગણે ચોંટી ગયો. ......૮
એંઠ પકડી રાખી સેવની, સેવાથી પ્રેમજળ તરી ગયો.
સીધી સાદી રીત પ્રેમની, પ્રેમભાવથી પામી ગયો. ......૯

જન્મ સફળ થયો આ, જ્યાં સદ્‌ગુરુ વ્હારે થયો.
નમન એવા જન્મીને કરી, તૃષાર્ત પીયૂષપાની થયો. ......૧૦
મગરૂર છું હું તમારા મિલને, કેવો આત્મીય લાભ થયો !

તારા નામથી જોડાઈને, હું પણ કેવો ધન્ય થયો ! ......૧૧
રીશ્વત અહીં પ્રેમની ચાલે, લેનાર-દેનાર નિર્દોષ ઠર્યો.
ખરાખરીના ખેલમાં પ્રેમી, હારે તોય અજેય કહ્યો. ......૧૨

(લ.તા. ૫-૯-૦૯)

ચરણાનુરાગી
પીયૂષ અ. જાનીના
ગુરુદેવ દત્ત સહ પ્રણામ